# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- **રાજ્ય સરકારે ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્ક અંગેનાં નવા આદર્શ નિયમો વડી અદાલત સમક્ષ મુક્યા.**
- **આજે ભારતીય અંગદાન દિવસઃ ગુજરાતમાં અઢી વર્ષમાં અંગદાતાઓની સંખ્યામાં ૧૨૮ ટકા અને અંગોના દાનમાં ૧૭૬ ટકાનો વધારો.**
- **કેદારનાથમાં ભુસ્ખલનમાં ફસાયેલા ગુજરાતના 17 યાત્રીઓને બચાવવામાં આવ્યા.**
- **મેડિકલ કોલેજોની રાજ્યની 15 હજારથી વધુ બેઠકો માટે આજથી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ.**
- **રાજ્યમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ થવાની હવામાન વિભાગની આગાહી.**

---

## HC GAMING ZONE RULES

**ગુજરાત વડી અદાલતના નિર્દેશ અનુસાર રાજ્ય સરકારે ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્કને લગતા નવા આદર્શ નિયમો વડી અદાલત સમક્ષ મુક્યા છે.**

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ પછી ગુજરાત હાઇકોર્ટે સમક્ષ હાથ ધરાયેલી સુઓમોટો અરજી ઉપર ગઈકાલે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને રાજકોટની ઘટના બાદ ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્કને લગતા નવા મોડેલ નિયમો બનાવવા કહ્યું હતું. જો કે, વડી અદાલતે સરકારને આ નવા નિયમો નોટિફાઇડ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ નિયમો દ્વારા જાહેર એમ્યુઝમેન્ટ પાર્કને લાઇસન્સ આપવાની અને નિયમનની કામગીરી કરાશે તેમજ તેનું નિયમિત ચેકિંગ પણ કરવામાં આવશે. ઉપરાંત, રાઈડ ઇન્સ્ટોલેશન, લાઇસન્સ, જુદી જુદી ગેમના પણ નિયમો બનાવવામાં આવ્યા છે. રાઇડ્સ અને મેળાના વિમા લેવા ફરજિયાત કરાયા છે.

ક્વોલિફાઈડ લોકો આ ગેમ્સનું ઇન્સ્પેક્શન કરશે. જેનો રિપોર્ટ શહેરોમાં પોલીસ કમિશનરની આગેવાની ધરાવતી કમિટી અને જિલ્લાઓમાં જીલ્લા ન્યાયાધિશની અધ્યક્ષતા વાળી સમિતિ સમક્ષ મૂકવામાં આવશે.

.............................................................................

## Organ Donation Day

આજે 3 ઓગસ્ટ ભારતીય અંગદાન દિવસ તરીકે ઉજવાય છે. ગુજરાત રાજ્ય અંગદાન ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે. વર્ષ ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૩માં અંગદાતાઓની સંખ્યામાં ૧૨૮ ટકા અને અંગોના દાનમાં ૧૭૬ ટકાનો વધારો થયો છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં 537 બ્રેઇનડેડ વ્યક્તિઓના અંગોના દાન થકી કુલ 1654 અંગનું દાન મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2019 થી 2021 દરમિયાન રાજ્યમાં 170 અંગદાન થયા હતા. કોરોનાકાળ બાદ રાજ્યમાં સર્વત્ર પ્રસરેલી અંગદાનની જનજાગૃતિના પરિણામે 2022 થી જુલાઇ 2024 એટલે કે અઢી વર્ષમાં 367 જેટલા અંગદાન થયા છે.

દિલ્હી ખાતે આજે નેશનલ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગનાઇઝેશન- NOTTO દ્વારા આયોજિત કાર્યક્રમમાં અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુજરાતની પાંચ વ્યક્તિ અને સંસ્થાનું સન્માન કરવામાં આવશે.

આ અંતર્ગત “ટ્રાન્સપ્લાન્ટેશનમાં ઉત્કૃષ્ટ કામગીરી” માટે I.K.R.D.C.ના ડાયરેકટર ડોક્ટર પ્રાંજલ મોદી, શ્રેષ્ઠ રીટ્રાઇવલ હોસ્પિટલ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ, શ્રેષ્ઠ બ્રેઇન સ્ટેમ ડેથ કમિટી માટે સુરત સિવિલ હોસ્પિટલ, શ્રેષ્ઠ કો-ઓર્ડિનેટર માટે સુરત સિવિલ હોસ્પિટલના ડૉક્ટર કેતન નાયક અને શ્રેષ્ઠ સેવાભાવી સંસ્થા માટે ડોનેટ લાઇફ સંસ્થાનું બહુમાન કરાશે.

..........................................................................

## KEDARNATH- RESCUE

તીર્થધામ કેદારનાથમાં વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે અટવાયેલા ગુજરાતના 17 યાત્રિકોને ગણતરીના કલાકોમાં હવાઈ માર્ગ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે.

રાજયના તમામ યાત્રિઓ સહીસલામત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરાખંડ એસ.ઈ.ઓ.સી.નો સંપર્ક સાધી તાત્કાલિક બચાવ વ્યવસ્થા કરાવી હતી. કેદારનાથ ધામની યાત્રાએ ગયેલા રાજયના 17 યાત્રીકો વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે લિન્ચોલી નજીક અટવાયા હતા.

વાતાવરણ અનુકૂળ થતાં જ ગુજરાતના આ બધા જ યાત્રિકોને હેલિકોપ્ટર દ્વારા એર લિફ્ટ કરીને ગણતરીના કલાકોમાં જ સહિ સલામત નીચે સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવામાં આવ્યા છે.

..................................................................................

## Bhopal Hat

અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલા બોપલ હાટ ખાતે 'આદિ બજાર' એક્ઝિબિશનનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ આદિ બજાર એક્ઝિબિશનમાં ભારતની આદિજાતિ સંસ્કૃતિ, કલા-કારીગરીની પ્રદર્શિત કરતા ૩૪થી વધુ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે. આ એક્ઝિબિશન ૧૧ ઓગસ્ટ સુધી સવારના ૧૧ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. આ અંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે આ મુજબ જણાવ્યું.

(ઓડિયો - ડૉ. કુબેરભાઈ ડિંડોર, આદિજાતિ વિકાસ મંત્રી)

..................................................................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો.

..................................................................................

## Medical online admission

નીટ યુજીનું પરિણામ જાહેર થયા બાદ મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક અને હોમિયોપેથીક કોલેજોની કુલ 15 હજાર 519 બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયાનો આજથી પ્રારંભ થશે. જે અનુસાર વિધાર્થીઓ 3 ઓગસ્ટથી 13મી ઓગસ્ટ દરમ્યાન પ્રવેશ કમિટીની વેબસાઈટ પર જઈ ઓનલાઇન ફોર્મ ભરી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. અરજી કરનારા ઉમેદવારોએ 5 ઓગસ્ટથી 14 ઓગસ્ટ દરમિયાન 31 હેલ્પ સેન્ટરો પર જઈ પ્રમાણપત્રોની નકલ જમા કરાવવાની પ્રક્રિયા સાંજે 4.30 કલાક સુધીમાં કરવાની રહેશે.

..........................................................................

## Jamnagar - Budget Guidance Seminar

જામનગર જિલ્લામાં કેન્દ્રિય યુનિયન બજેટ આવ્યા બાદ બજેટની જોગવાઈઓ અંગે છણાવટ કરવા એક માર્ગદર્શક સેમિનારનું આયોજન "ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન" ખાતે કરવામાં આવયું હતું. આ અંગે જામનગર ચેમ્બરના પ્રમુખ બીપેન્દ્રસિંહ જાડેજાએ વધુમાં આ મુજબ જણાવ્યું

(ઓડિયો : બીપેન્દ્રસિંહ જાડેજા (પ્રમુખ જામનગર ચેમ્બર )

- ..........................................................................

## Weather and Navsari Varsad

રાજ્યમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ થવાની હવામાન વિભાગે સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં આગામી દિવસોમાં વાદળછાયુ વાતાવરણ રહેશે અને હળવો થી મધ્યમ વરસાદ થશે, તો કેટલાક વિસ્તારમાં વીજળી પડવાની સાથે વરસાદ થવાથી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દરમ્યાન સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ ગઇકાલે સવારે છ થી સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ વરસાદ છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં 44 મિલિમિટર અને જેતપુર-પાવીમાં 33 મિલિમિટર વરસાદ નોધાયો છે.

આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના મોડાસામાં 29 મિલિમિટર, છોટાઉદેપુર અને સંખેડામાં 26, ડાંગ અને કપરાડામાં 23, સોનગઢમાં 20, મહુવામાં 18, વલોડ, પારડી અને ધરમપુરમાં 15 મિલિમિટર વરસાદ થયો છે.

અમારા નવસારી જિલ્લા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, જિલ્લામાં સાર્વત્રિક  વરસાદ થતાં વાંસદાના બંને ડેમ ઓવરફ્લો થયા છે. જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં નવસારીમાં 63 મિલીમીટર , જલાલપોરમાં 55, ગણદેવીમાં 49, ચીખલીમાં 22, વાંસદામાં 31 અને ખેરગામમાં 61 મિલીમીટર વરસાદ નોંધાયો હતો.

..........................................................................

## Junagadh Zoo

રાજ્ય સરકારના વન્યપ્રાણી આદાનપ્રદાન કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી સિંહની એક જોડીને રાજસ્થાનના ઉદયપુર ખાતે મોકલવામાં આવતા ઉદયપુરના સજ્જનગઢ પ્રાણી સંગ્રહાલયમાંથી પાંચ વન્યજીવ જુનાગઢ પ્રાણીસંગ્રહાલયમાં આવી પહોંચ્યા છે, જેમાં બે જોડી જેકલ, બે માદા ચિંકારા, એક જોડી

જરખ, એક જોડી જંગલી બિલાડી તેમજ બે જોડી રણલોકડીનો સમાવેશ થાય છે. આ તમામ વન્ય જીવો સ્વસ્થ અને તંદુરસ્ત છે તેમ મુખ્ય વન સંરક્ષક અક્ષય જોશીએ જણાવ્યું છે. આ તમામ વન્યજીવોને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયનું વાતાવરણ માફક આવે તે બાદ મુલાકાતીઓ માટે ખુલ્લા પિંજરમાં મૂકવામાં આવશે.

..........................................................................

## Patan home guard sahay

પાટણ જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતે હોમગાર્ડઝ યુનિટ દ્વારા સભ્યોને હોમગાર્ડઝ કલ્યાણ નિધિ સહાય ચુકવવામાં આવી છે. જેમાં ગત વિધાનસભા ચૂંટણીમાં ચાલુ ફરજે આકસ્મિક રીતે નિધન પામનાર જયેશભાઈ પરમારના પરિવારને 4 લાખ રૂપિયા મરણોત્તર સહાય જયારે 5 હજાર રૂપિયા અંત્યેષ્ઠિ સહાય ચુકવવામાં આવી છે.

આ ઉપરાંત હારીજ હોમગાર્ડ યુનિટના બે જવાનોની દિકરીના લગ્ન પ્રસંગે ૪૦ હજાર રૂપિયા સમી યુનિટના હોમગાર્ડ સભ્યને તબીબી સહાય માટે રૂપિયા 8 હજાર 449 તેમજ અન્ય મહિલા હોમગાર્ડ સભ્યને પ્રસુતિ સહાય માટે રૂપિયા 5 હજારનો ચેક અર્પણ કરાયો છે.

..........................................................................